




વધામણી - કાશ્મીરમાં ૩૭૦ અને ૩૫-એ નાબૂદ કરવાના ઐતિહાસિક નિર્ણયની વધામણી કરવા ભાજપના કાર્યકરો શહેરના મુખ્યમાર્ગો પર રાહદારીઓને મીઠાઈ વહેંચી ખુશી વ્યક્ત કરતા હતા... દેશભરમાં આનંદ - ઓચ્છવનું મોજુ પ્રસરી ગયું હતું ત્યારે ગાંધીનગરમાં પણ નાગરિકોએ સ્વયંભૂ ઐતિહાસિક નિર્ણયને વધાવ્યો હતો.

# પાણી-ગટર વેરાની વસુલાતનુ નબળુ ચિત્ર

**શહેરી ગામોમાં ૨૦ લાખ બાકી : દર વર્ષે એડવાન્સ વસુલાત ઝુંબેશના અંતે યોગ્ય વળતર પણ આપવામાં આવે છે છતા વેરો ચુકવવામાં નિરસતા જુના સેકટરોમાં પણ વસુલાત ઝુંબેશના અંતે વેરાનો બાકી આંકડો મોટો**

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં પાણી ગટર વેરા વસુલાત અન્વયે દર વર્ષે તંત્ર દ્વારા એડવાન્સ વેરો વસુલવામાં આવે છે. જેના અનુસંધાને ગત વર્ષ દરમિયાન પણ તંત્ર દ્વારા વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જયારે આ વસુલાતના અંતે દર વર્ષે મોટાભાગે ૪૦ થી ૪૫ ટકા વેરો જ વસુલી શકાય છે જયારે વળતરનો લાભ આપવામાં આવતો હોવાથી વેરો ચુકવવામાં જોડાણ કર્તાઓ પણ ઉત્સાહ દાખવે છે. પરંતુ વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ વર્ષ દરમિયાન તંત્ર દ્વારા વેરાની વસુલાત કરવામાં આવે છે. પરંતુ વસુલાત ઝુંબેશના લાંબા સમયના અંતે પણ વેરો ચુકવવામાં જોડાણકર્તાઓ નિરસતા દાખવતા વેરા વસુલાત ક્ષેત્રે બાકી આંકડો મોટો થતો જાય છે. વેરા વસુલાતની નબળી કામગીરી પાછળ અનેક પરિબળો જવાબદાર હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેમાં બિલ વિતરણ પણ યોગ્ય રીતે થતુ નથી. જયારે વેરો ન ચુકવનાર સામે તંત્ર કક્ષાએથી કોઈ આકરા પગલા લઈ શકાતા ન હોવાથી બાકીદારો વધુ બિન્દાસ્ત બન્યા છે. જયોર જુના ૧૪ થી ૩૦ સેકટરો તેમજ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ

● અનુસંધાન પાન-૭ પર

# જળશક્તિ અભિયાન માટે ગ્રેડીંગ કરવાનો સરકારનો નિર્ણય

**જિલ્લામાં જળશક્તિ અભિયાન અંતર્ગત ૧૧૧ કામોનું તંત્રએ આયોજન કર્યુ : ૨૦ થી વધુ રેઈન વોટર હાર્વેસ્ટીંગના કામો તો ૧૫ જેટલા પાણીના આવરા-જાવરા અંગેના કામો, વનીકરણના કામો પણ એટલી જ અગ્રતા સાથે કરાશે**

ગાંધીનગર, તા. ૫

રાજ્યના પાંચ જિલ્લાઓમાં ચાલી રહેલી જળશક્તિ અભિયાન અંગે ગ્રેડીંગ આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં જળશક્તિ અભિયાન અંતર્ગત ૧૧૧ જેટલા મહત્વના કામો હાથ ધરવાનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

જેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૫૬ ગામોમાં ૭૮ જેટલા કામો હાથ ધરવાનું આયોજન છે. તો વાસ્મો અને સિંચાઈ વિભાગ દ્વારા પણ જળસંચયના ૩૩ જેટલા કામો હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

ખાસ કરીને કાંસની સફાઈ, વનીકરણના કામો ઉપરાંત રેઈન વૉટર હાર્વેસ્ટીંગના ૨૦ જેટલા કામો હાથ ધરવામાં આવનાર છે. નાના નાના ચેકડેમ પણ નિર્માણ કરવામાં આવનાર છે જે પાણીના આવરા-જાવરા માટે મહત્વના સાબિત થશે.

જિલ્લામાં જળશક્તિ અભિયાનમાં લોકોને સામેલ કરવા અને જન જાગૃતિ માટેના પણ વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેમ કે શાળા-કોલેજોમાં તેમજ જાહેર કાર્યક્રમોમાં જળ-સંચય અંગેના શપથ લેવડાવવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## જળશક્તિ અભિયાન અંગે સમીક્ષા માટે કેન્દ્રીય ટીમ આવે છે

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ જળશક્તિ અભિયાનના આયોજન અને અમલીકરણ અંગેની સમીક્ષા માટે કેન્દ્ર સરકારની વધુ એક ટીમ તા. ૭મીથી જિલ્લાના પ્રવાસે આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં જળશક્તિ અભિયાન અંતર્ગત અત્યાર સુધી થયેલી કામગીરીની આ ટીમ દ્વારા સમીક્ષા કરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લામાં વરસાદની સ્થિતિ તેમજ હાલ પાણીની સ્થિતિ અંગે પણ સમીક્ષા કરશે. આ ટીમ ગાંધીનગર જિલ્લામાં બે દિવસ રોકાશે. મળતી વિગતો પ્રમાણે ટીમમાં કેન્દ્રના ત્રણ ઉચ્ચ અધિકારીઓ તેમજ સેન્ટ્રલ વૉટર બોર્ડમાંથી પણ એક અધિકારી આવી રહ્યા છે. ટીમ જિલ્લાના કેટલાક ગામોની પણ મુલાકાત લે તેવી સંભાવનાઓ છે. આ ટીમ રાજ્યના અન્ય જિલ્લાઓમાં અભિયાન ચાલે છે ત્યાં પણ જશે તેમ જાણવા મળેલ છે.

# શહેરમાં માત્ર ત્રણ જ ઈંચ વરસાદમાં માર્ગોનુ ધોવાણ

**રસ્તાઓ ખરબચડા થયા : ઈન્ફોસીટીથી રીલાયન્સ ચોકડી તરફના માર્ગની પણ દશા બગડી : ચ માર્ગ પણ વરસાદમાં ધોવાયો**

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં હજુ ચોમાસાની સિઝનનો માંડ સાત ઈંચ જેટલો વરસાદ થયો છે. જયારે એકસાથે સિઝનનો ત્રણ ઈંચ વરસાદ થતા નગરના માર્ગોનુ ધોવાણ શરૂ થઈ ગયુ છે. શહેરમાં નોંધપાત્ર ભારે વરસાદ થયો નથી. આમછતા માર્ગોનુ ધોવાણ શરૂ થતા કામગીરીની ગુણવત્તા સામે અનેક સવાલો મંડરાયા છે. ઈન્ફોસીટી રીલાયન્સ ચોકડી તરફના માર્ગ પર પણ વરસાદના અંતે ડામરની કાંકરીઓ ખરી પડી છે. જયારે કેટલાક ઠેકાણે મોટામસ ગાબડા પણ અસ્તિત્વમાં આવ્યા છે.

ગાંધીનગરમાં હજુ વરસાદે માંડ ડોકીયુ જ કર્યુ છે. મેઘરાજા આજે આવે કે કાલે આ સ્થિતિ વચ્ચે શહેરમાં સિઝનનો માંડ સાત થી આઠ ઈંચ વરસાદ વરસ્યો છે. ઝરમરિયા વરસાદની સાથે અલપઝલપ હળવા ભારે વરસાદી ઝાપટા સિવાય શનિવારે રાત્રિના એકધારો ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. જયારે માત્ર ત્રણ ઈંચ વરસાદમાં જ નગરનો સિનારીયો બદલાઈ ગયો છે. શહેરના સેકટરોમાં ઠેર ઠેર માટી પોલાણના લીધે મોટામસ ગાબડા પડયા છે. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી દરમિયાન હાથ ધરાયેલા ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ ન થતા સ્થાનિકો માટે ભયજનક સ્થિતિ સર્જાઈ છે. ગમે ત્યારે વરસાદી સંજોગોમાં મોટો અકસ્માત થાય તેવી દહેશત વચ્ચે નાગરિકો માટે ખતરો જળુંબી રહ્યો છે. આ ઉપરાંત નવનિર્મિત ફુટપાથ પણ ધોવાઈ ગઈ હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. શહેરમાં માર્ગ સુધારણા પાછળ પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે માર્ગ સુધારણા સહીત વાઈબ્રન્ટ ટાંણે રોડ ફર્નિચર તેમજ બ્યુટીફિકેશન પાછળ પણ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. શહેરમાં માર્ગ સુધારણાની કામગીરીના અંતે ટુંકા ગાળામાં જ વરસાદમાં માર્ગોનુ ધોવાણ થતા કામગીરીની ગુણવત્તા સામે પણ અનેક પ્રશ્નાર્થો મંડરાયા છે. માત્ર ત્રણ ઈંચ વરસાદના ભારે ઝાપટાના અંતે નગરના મુખ્ય ચ માર્ગ પર ડામરની કાંકરીઓ ઉખડી ગઈ છે. જેના લીધે વાહનચાલકો માટે મુખ્યમાર્ગ પર અવરજવર કરવાનુ પણ મુશ્કેલ બાની રહ્યુ છે. ઈન્ફોસીટી રીલાયન્સ ચોકડી વચ્ચે થોડા સમય અગાઉ જ માર્ગનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે હાલ વરસાદી ઝાપટાના અંતે આ માર્ગનુ ધોવાણ થયુ છે. એક જ વરસાદમાં શહેરના રસ્તાઓ પરથી ડામરની કપચીઓ ખરી પડતા માર્ગો ખરબચડા બનવા તરફ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સંત સરોવરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની વાત વિસરાઈ ગઈ

**પાંચ કરોડનો પ્લાન પણ તૈયાર કરાયો હતો પણ સમય જતાં બધુ ફાઈલોમાં દબાઈ ગયુ**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સંત સરોવરને ટુરીસ્ટ પોઈંટ તરીકે વિકસાવવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નને રાજ્ય સરકારે અભેરાઈએ ચડાવી દીધો છે.

સંત સરોવર પ્રોજેક્ટ નગરનું આગવુ આકર્ષણ બને તે માટે ત્યાં ગાર્ડન, વ્યુ પોઈંટ સહિતની સુવિધાઓ ઉભી કરી ટુરીસ્ટ પોઈંટ તરીકે તેને ડેવલપ કરવામાં આવશે તેવી જાહેરાત તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કરી હતી.

જો કે આ પછી આખો આ પ્રોજેક્ટ પ્રવાસન વિભાગને સોંપાયો હતો. પ્રવાસન વિભાગ અને સિંચાઈ વિભાગ એકબીજાના સંકલનમાં રહી રૂ. ૫ કરોડનો પ્રોજેક્ટ તૈયાર કરાયો હતો. પરંતુ આ પછી આખો પ્રોજેક્ટ હાલ અભેરાઈએ ચઢી ગયો છે.

હાલ સંતસરોવરમાં પાણી પણ નથી. બીજુ સરિતાઉદ્યાન મનપાએ તેની રીતે વિકસાવ્યુ છે. સંત સરોવર પાસે અલગ ઉદ્યાન અને પ્રવાસન વિભાગ દ્વારા કેન્ટીન સહિતની સુવિધાઓ ડેવલપ કરવામાં આવનાર હતી. આ સુવિધાઓને લક્ષમાં રાખી સિંચાઈ વિભાગે પણ ખાસ જમીન પણ અનામત રાખી હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે સંત સરોવર નજીક વ્યુ પોઈંટ બનાવવાની વાત તેમજ સંત સરોવરથી ગિફ્ટ સીટી સુધી ખાસ રિવરફ્રન્ટ જેમ વિકસાવવાની વાત હતી પરંતુ આ બધી બાબતો વિસરાઈ જવા પામી છે.

# નગરના ક-માર્ગને સિકસલેન કરાશે

**ક-માર્ગ તેમજ રોડ નં-૫ ને સિકસલેન બનાવવા માટે અંદાજિત ૧૧ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૫

ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થતા શહેરમાં બ્યુટિફીકેશનની સાથે અદ્યતન સુવિધાઓ તેમજ યોગ્ય રોડ નેટવર્કને અનુલક્ષીને પણ નવિન કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. શહેરના માર્ગો પર ટ્રાફિકની અવરજવર સરળ બનાવવા તેમજ માર્ગ સલામતીના પરિબળોને ધ્યાને લઈને નગરના બાકી રહેતા માર્ગોને પણ સિકસલેન બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગ માર્ગની સાથે ક માર્ગ પણ સિકસલેન બનાવવા ચોમાસા બાદ કામગીરી હાથ ધરાશે. ક માર્ગ તેમજ રોડ નં -૫ ને સિકસલેન બનાવવા માટે અંદાજિત રૂ ૧૧ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરમાં હાલ મુખ્ય ઘ, ચ અને ખ માર્ગ સિકસલેન છે. જયારે સ્માર્ટ સીટીમાં શહેરનો સમાવેશ થતા હવે આગામી દિવસોમાં ગ માર્ગને પણ સિકસલેન કરવા માટે કામગીરી હાથ ધરાશે. ગ માર્ગને સિકસલેન કરવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી છે. જયારે વરસાદી દિવસોના અંતે ગ માર્ગનુ કામ પણ શરૂ કરી દેવાશે. આ ઉપરાંત મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ માર્ગને પણ અગાઉ સિકસલેન કરી દેવાયો છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી આ રૂટમાં વી વી આઈ પી મહાનુભાવોની અવરજવર વધુ હોવાથી પ્રથમ આ માર્ગને સિકસલેન કરવાનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે ગ માર્ગની સાથે ક માર્ગને પણ સિકસલેન બનાવવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. શહેરના ક માર્ગ પર ટ્રાફિકનુ પ્રમાણ આમ પણ વધ્યુ છે. શહેરમાં વાહનોની સંખ્યા વધવાની સાથે જિલ્લાના આસપાસના વિસ્તારમાં જતા ટ્રાફિકનુ પ્રમાણ પણ નોંધપાત્ર વધતા તબક્કાવાર માર્ગોને અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. ક માર્ગ પર ટ્રાફિકનુ પ્રમાણ વધતા આ માર્ગને પણ હવે સિકસલેન બનાવવા માટે આયોજન કરી દેવાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર



શ્રાવણિયા સોમવારની આરતી - શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારની સાંજે શીવાલયોમાં મહાઆરતી યોજાઈ હતી... શહેરના પ્રસિદ્ધ શીવાલય ઓમકારેશ્વર મહાદેવ ખાતે ભારે ધામધૂમથી યોજાયેલી આરતીમાં શીવભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા...

## બેસણું



અમારા પિતાતુલ્ય કાકાશ્રી **ખુશાલભાઈ રણછોડભાઈ મેવાડાનું** તા. ૪/૮/૨૦૧૯ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૬/૮/૨૦૧૯ના રોજ સવારે ૯-૩૦થી ૨-૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.


નિવાસસ્થાન : પ્લોટ નં. ૯૬૦/૨, સેક્ટર-૨ 'સી', ગાંધીનગર

**મંગુબેન મંગળદાસ મેવાડા**
**કલ્પના મેવાડા** — **હર્ષિદા અશ્વીનકુમાર રાજપાલ**
**ભાવના મેવાડા** — **કાવ્યા, દેવાશ**

COMBO OFFERS starts from ₹249/-*
CHARCOAL EATS
Bite That Good




1 Starter + 1 Curry with Desi Ghee Rice/ Paratha




2 Starter + 1 Curry with Desi Ghee Rice/ Paratha
Special Potato Loaded Fries Available for Shravan Month
Super Mall - II, Infocity, Gandhinagar.
Call : +91 99 786 15 735 / +91 90 225 00 500
Follow Us On : @charcoaleatsgandhinagar @charcoaleatsgandhinagar
*T&C apply.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com